# સાબરડેરીમાં દેખાવો કરતા ૬૦૫ની અટકાયત

## પ્રાંતિજ, વડાલી, તલોદ સહિતના સ્થળોથી દૂધ ઉત્પાદકોને સાબરડેરી ન પહોંચવા દીધા

હિંમતનગર, તા. ૨૪ દૂધમાં ભાવફેરમાં વધારે રકમ ચૂકવવા બાબતે ચાલી રહેલા ત્રણ દિવસના આંદોલનનો રવિવારે ફીયાસ્કો થયો હતો. પોલીસે દેખાવો કરવા આવી રહેલા સાબરકાંઠા અને અરવલ્લીના મળી અંદાજે ૬૦૫થી વધુ દૂધ ઉત્પાદકોને સાબરડેરી સુધી પહોંચવા દીધા ન હતા અને અડધેથી જ તેમની અટકાયત કરી લેવાઈ હતી. જો કે થોડા કલાકો બાદ તેમને છોડી મુકાયા હતા. એક તબક્કે તો પ્રદર્શન કરવા આવેલા પ્રદર્શનકારીઓને હાઈવે પર દોડાવ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે અરવલ્લીના બાયડ તાલુકાના એક પાસ કન્વિનરે દૂધનો ભાવફેર દસ ટકાથી વધુ આપવા માટે વાયરલ કરેલ વિડીયો બાદ સાબરકાંઠા અને અરવલ્લીના દૂધ ઉત્પાદકોમાં સળવળાટ શરૂ થયો હતો. દરમિયાન આ આંદોલનને દબાવી દેવા પોલીસે રવિવારે એક હજાર પચાસથી વધુ પોલીસ કાફલો સાબરડેરીની ફરતે ખડકી દઈ સાબરડેરી આવતા તમામ રસ્તાઓ સવારથી જ બંધ કરીને નાકાબંધી કરી દીધી હતી.

દરમિયાન રવિવારે સવારે સાબરડેરી આવવા નિકળેલા ૬૦૫ લોકોની સાબરકાંઠા અને અરવલ્લીના વિવિધ મથકેથી અટકાયત કરીને પોલીસ વાહનમાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. જેમાં હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં અટકાયત કરાયેલ કેટલીક મહિલાઓએ સાબરડેરીના ચેરમેન વિરૂદ્ધ સૂત્રો પોકારી વિરોધ નોંધાવ્યો હતો.

બીજી તરફ હિંમતનગર અમદાવાદ આવેલ નેશનલ હાઈવે ૮ પર વાહન વ્યવહાર ચાલુ હોવાને કારણે હિંમતનગરથી સાબરડેરી નજીક આવેલા પ્રદર્શનકારીઓને પોલીસે દોડાવ્યા હતા જેના કારણે તેઓ ઉભી પૂંછડીએ ખેતરોમાં ભાગી ગયા હતા. જોકે પોલીસતંત્ર તરફથી આવુ આંદોલન ઉભુ કરવામાં ભૂમિકા ભજવનાર તથા કોંગ્રેસના ઈશારે આંદોલનને રાજકિય રંગ આપવા માંગતા તત્વો સામે તપાસ કરીને જરૂર પડે ગુનો નોંધવાની શક્યતાઓ તપાસાઈ રહી છે. પરંતુ રવિવાર સાંજ સુધી આવી કોઈ કાર્યવાહી થઈ ન હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

એકંદરે સાબરડેરી સમક્ષ દેખાવો કરવાની કરેલી જાહેરાતનો ફીયાસ્કો થયો છે તેમ છતાં કેટલાક લોકોએ સાબરડેરીના નિયામક મંડળને દસ ટકા ભાવ વધારો આપવાની વાત દોહરાવીને પોતાની માંગળીઓ પ્રત્યે અડગ રહ્યા છે જેથી આગામી દિવસોમાં સાબરડેરી વિરૂદ્ધના આ આંદોલનને કેટલી સફળતા કે નિષ્ફળતા મળે છે તે જોવાનું રહ્યું.

## રાજેન્દ્રનગર ચોકડી નજીક અરવલ્લી જીલ્લાના દૂધ ઉત્પાદકોને સાબર ડેરી વિરોધ પ્રદર્શનમાં જતા અટકાવ્યા



મોડાસા, તા. ૨૪ અરવલ્લી-સાબરકાંઠાના પશુપાલકો અને દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન સાબરડેરી દ્વારા ચાલુ વર્ષે ભાવ ફેર અને ઓછા નફાની વહેંચણી મુદ્દે સીધો ૬ ટકાનો ઘટાડો કરી દઈ ૩.૩ ટકા ભાવ ફેર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવા અંગેનો વિડીયો અને ઓડિયો મેસેજ વાઈરલ થતા જીલ્લાના સહકારી રાજકારણમાં ભારે ગરમાવો સાથે ધમાસાણ મચ્યું હતું અને દૂધ ઉત્પાદકોને ભાવ ફેર મુદ્દે સાબરડેરી ખાતે રવિવારે વિરોધ પ્રદર્શન કરવા અને આવેદનપત્ર આપવા આહવાન કરતા મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો ઉમટી પાડવાની ભીતિના પગલે અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું અને જીલ્લાના પશુપાલકો અને દૂધ ઉત્પાદકોને અટકાવવા રાજેન્દ્રનગર ચોકડી નજીક સવારથીજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ ૨૫૦ થી વધુ દૂધ ઉત્પાદકોની અટકાયત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા.

અરવલ્લી જીલ્લાના દૂધ ઉત્પાદકો લાખ્ખો લીટર દૂધ દરરોજ સાબરડેરીમાં દૂધ ભરાવી આજીવિકા રળી રહ્યા છે. સાબરડેરી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ અગાઉના વર્ષમાં અપાતા ૧૧ ટકા નફાના બદલે ૬ ટકા જેટલો જંગી ઘટાડો કરી ૩.૩ ટકા જ ભાવ ફેર આપવામાં આવશે. આ અંગે એક વ્યક્તિએ વિડીયો વાઈરલ થતા અને રવિવારે સાબરડેરીનો ઘેરાવો કરવાની સાથે આવેદનપત્ર આપી વિરોધ પ્રદર્શન અંગેના મેસેજ ને આવકાર મળતા અને સાબરડેરીના સંચાલકો સહીત વહીવટીતંત્ર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાબરડેરી વિસ્તાર અને રોડ પર લોકોની અને વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવતું સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કરવા છતાં મોટા પ્રમાણમાં દૂધ ઉત્પાદકો પહોંચે નહિ તે માટે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના મુખ્યમાર્ગો પર પોલીસે બંદોબસ્ત ગોઠવી દઈ વાહનચાલકોને અટકાવી દૂધ ઉત્પાદકોની અટકાયત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ખસેડાયા હતા.



## ડુઘરવાડા ચોકડી પશુપાલકોએ ટાયર સળગાવી વાહનો રોકી ચક્કાજામ

સાબરડેરીના ભાવફેર મુદ્દે વિરોધ પ્રદર્શન માટે હિંમતનગર સાબરડેરી જતા અરવલ્લી જિલ્લા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી અટકાયત કરવાની શરૂઆત કરતા આ અંગે મોડાસાના ડુઘરવાડા ગામના દૂધ ઉત્પાદકો અને પશુપાલકોએ મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર ડુઘરવાડા ચોકડી નજીક ટાયરો સળગાવી વાહનો અટકાવી ચક્કાજામ કરતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા પોલીસતંત્ર દ્વારા ઘટનાસ્થળે પહોંચી ચક્કાજામ દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો.

## મહેસાણાથી અનામત આંદોલનના ત્રીજા તબક્કાનો પ્રારંભ





મહેસાણા, તા. ૨૪ અનામત આંદોલનના ત્રીજા મોરચાની આજે મહેસાણાથી પ્રારંભ થઈ ગયો છે. જેમાં ગામ બદલાશે તેમ તેમ આંદોલનકારીઓ જોડાતા જશે. જ્યારે આ યાત્રામાં સમગ્ર ઉત્તર ગુજરાતની પોલીસ મહેસાણામાં ખડકાઈ દેવામાં આવી હતી. જે રૂટમાં આ શહીદ યાત્રા પ્રસ્થાન થશે તે જગ્યા પર કાંકરીચાળો ન થાય તેવા પ્રયાસ કરાયા હતા અને યાત્રા ઊંજાથી પ્રસ્થાન થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર જોડાયા હતા. પરંતુ જે રીતે આ યાત્રા નીકળનાર હતી તેમાં કોઈ આગેવાન ન દેખાતા આ સમગ્ર મામલે શહીદ યાત્રાનો ફિયાસ્કો થતો હોય તેમ જણાતુ હતુ.

અનામતની લડાઈ હવે યુદ્ધ એ જ કલ્યાણની ટોપી ધારણ કરીને પાટીદારોએ નવા સ્લોગન સાથે સમાજ માટે શહીદ થઈ ગયેલા ૧૪ વીરોના સન્માન અને અનામતની માંગ વચ્ચે આ પાટીદાર શહીદ યાત્રાનો આજે રવિવારે મા ઉમિયાધામ ઊંઝાથી આરંભ કરાવ્યો હતો. પ્રથમ દિવસે કામલી, જગનાથપુરા, કહોડા, ભુણાવ, રણછોડપુરા, ભાંખર, ઊંઝાની વિસનગર ચોકડી, ઐઠોર, ઉનાવા, ભાન્ડુ, મહેસાણા દૂધસાગર ડેરી, રાધનપુર ચોકડી થઈ રાત્રીએ આ શહીદ યાત્રા પાંચોટમાં રાત્રી રોકાણ કરશે. યાત્રા ૩૫ દિવસમાં ૪ હજાર કિલોમીટરનું અંતર કાપી ખોડલધામ કાગવડ પહોંચશે. ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે સમસ્ત પાટીદાર સમાજની ઉપસ્થિતિ વચ્ચે ૧૪ શહિદો મા ઉમા-ખોડલ અને સરદાર પટેલની પ્રતિમાની પૂજા અર્ચના પ્રથમ કરી હતી. જેમાં ઉમિયાધામના ટ્રસ્ટીઓએ શહીદયાત્રાનું પ્રસ્થાન આજે કરાવ્યુ હતુ. પ્રથમ આ શહીદ યાત્રા ઊંઝા શહેરની પ્રદક્ષિણા કરીને કામલી ગામ ખાતે પ્રસ્થાન થઈ હતી. પાટીદાર શહીદ યાત્રામાં ૬ ડીવાયએસપી, ૨૦ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૮૦૦ પોલીસ, ૨૦૦ મહિલા પોલીસ અને ૨ એસઆરપી કંપની તેમજ તાલુકા દીઠ ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સની ટીમો તૈનાત રહેશે તેવી માહિતી હાલમાં સાંપડી રહી છે. જ્યારે યાત્રાના રૂટ મુજબ પાટીદાર સમાજે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી છે. જ્યારે દરેક ગામમાં ફંડ એકત્રિત કરવામાં આવશે અને તે મૃતકોના પરિવારજનોને આપવામાં આવશે.

## સરકાર પૂરગ્રસ્ત લોકોને વાયદા આપી ભૂલી ગઈ છે : અલ્પેશ ઠાકોર





ધાનેરા તાલુકાના વાલેર ગામે ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સભા સંબોધી હતી અને લોકોને વ્યશન મુક્તિથી રહી શિક્ષણ ક્ષેત્રે આગળ વધાવની હાકલ કરી હતી. તો આ સભામાં વાવ ધારાસભ્ય અને ધાનેરા ધારાસભ્ય પણ હાજર રહ્યં હતા.

ધાનેરા તાલુકાના સામરવાડા ત્રણ રસ્તા ઉપર અલ્પેશ ઠાકોર નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને તે બાદ વિશાલ બાઈક રેલી યોજી સામરવાડા થી વાલેરા મુકામે પહોંચ્યા હતા અને ત્યાં વિશાલ સભા સંબોધી હતી અલ્પેશ ઠાકોરે વિશાલ સભા સંબોધતા કહ્યું હતું કે દરેક સમાજ કરતા ઠાકોર સમાજ પછાત છે અને ઠાકોર સમાજ ને આગળ આવવાની જરૂર છે માટે ધાનેરા વિસ્તાર જો ઠાકોર સમાજ મોટી જગ્યા ખરીદી સ્કૂલ કે હોસ્ટેલ બનાવે તો ૫૧ હજાર રૂપિયાય હું દાન આપીશ અને વધુ માં એ પણ જણાવ્યું હતું કે ઠાકોર સમાજ વ્યશન મુક્ત બની શિક્ષણિક ક્ષેત્રે આગળ વધે તેવી આશા વ્યક્ત કરી હતી.

વધુ માં અલ્પેશ ઠાકૂરે એ પણ જણાવ્યું હતું કે જયારે ધાનેરા વિસ્તાર માં પૂર આવ્યું હતું ત્યારે સરકારે લોકોને સહાય ના નામે લોકો સાથે મજાગ કરી છે અને હજુ કેટલાક લોકોને સહાય આપી પણ નથી તે માટે મેં વિધાન સભા પણ રજૂઆત કરી છે અને જો યોગ્ય નિર્ણય નહિ લેવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચરી હતી.

જયારે ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ હતી ત્યારે રાજકીય અગ્રણીઓ આવતા અને લોકોને સહાય નું આશ્વાસન આપી લોકો સાથે મજાગ કરતા હતા પરંતુ તે બાદ આજ દિવસ સુધુ કોઈ નેતાએ લોકો સામે પાછું વાળીને જોયું પણ નથી અને આજે પણ કેટલાય ગરીબ પરિવાર તેમજ વેપારીઓ સહાય થી વંચિત જોવા મળી રહ્યા છે.



**વાલેર સુંદરપુરી મહારાજના ધામમાં રાજ્યના બે ધારાસભ્યની સાકર તુલા કરાઈ**

ધાનેરા તાલુકા ના વાલેર ગામમાં રાજ્ય ના બે ધારાસભ્ય ની સાકર તુલા કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા. ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ અને રાધનપુર ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ની ધાનેરા તાલુકા ના વાલેર ગામે સુંદરપુરી મહારાજ ના મંદિરે સાકર તુલા કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યા લોકો હાજર રહ્યા હતા તો બીજી તરફ બંને ધારાસભ્યોએ પણ લોકો નો આભાર માન્યો હતો અને લોકો ના તમામ કામ કરી આપવાની ખાતરી આપી હતી.

## કાંકરેજ તાલુકાના શિહોરીના કોતરવાડિયા વાસની મહિલાનો આત્મહત્યાનો પ્રયાસ

શિહોરી કોતરવાડિયા વાસની એક પરણિત મહિલાને અજાણ્યા ફોન આવતા મુંજવણ મા મુકાઈ હતી અને એના ઘરના સભ્યો ને વાત કરતા શિહોરી પોલીસ સ્ટેશનમા ૧૬/૬/૨૦૧૮ ના રોજ લેખિત રજૂઆત કરી હતી પરંતુ પાંચ દિવસ વીતવા સતા પોલીસ દ્વારા કોઈ કાર્યવાઈ કરવામાં આવી નહોતી અને ૨૧/૬/૨૦૧૮ ના રોજ બપોરના એક વાગ્યા આસપાસ ફરી ફોન આવતા આ મહિલા એ દવા પી આત્મ હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો જોકે પોતાના ઘરવાળા અને સહેલી પરિવાર ગાંધીનગર જયાબેન સોની ને આવા બનાવ ની જાણ કરતા તાબડતોબ દોડી આવ્યા હતા અને ૧૦૮ મારફતે શિહોરી સરકારી હોસ્પિટલ મા સારવાર માટે દાખલ કર્યા હતા જ્યાં ડોક્ટર ડી. એન. પરમાર એ સારવાર કરી તારીખ ૨૨/૬/૨૦૧૮ ના રોજ રજા આપી હતી અત્યારે મહિલા ની તબિયત સારી સે અને શિહોરી પોલીસ એ મહિલા એ દવા પીધા બાદ આરોપી રોમિયો જસવંત મણિલાલ ઠાકોર હાલ રહે સીધ્પુર વાળા ની રાત્રે ધરપકડ કરી જેલના હવાલે કર્યો હતો .જ્યારે આ રોમિયો અગાઉ પણ આવી રોમિયોગિરિમા સપડાયેલો હોવાનું લોકમુખે ચર્ચાઓ જાગી છે ત્યારે સહેલી પરિવારના જયાબેન સોનીએ આવા રોમિયોને જાહેરમાં લાવી સરઘસ કાઢવાની માંગણી કરી હતી.

## અરવલ્લી જિલ્લામાં લાટીવાળા કોલેજ ૧૦૦ ટકા પરિણામ સાથે પ્રથમ

મોડાસા, તા. ૨૪ મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલ ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ મોડાસા છેલ્લા ૧૮ વર્ષથી સાબરકાંઠા-અરવલ્લીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પ્રશિક્ષણાર્થીઓના સર્વાંગી વિકાસને વરેલી આ કોલેજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે ઉમદા પ્રશિક્ષણ પુરૂ પાડે છે. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકર તથા સમગ્ર કોલેજ પરિવાર પ્રશિક્ષણાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમજ ઝળહળતા પરિણામ માટે સતત માર્ગદર્શન પુરૂ પાડે છે. તેના કારણે કોલેજનું વાર્ષિક પરિણામ હંમેશા ઉચ્ચ પ્રકારનું રહેવા પામ્યુ છે. ચાલુ વર્ષે પરિણામ ૧૦૦ ટકા મેળવીને અરવલ્લી જિલ્લામાં મોખરાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર થયેલ ડી.એલ.એડ. પ્રથમ અને બીજા વર્ષના પરિણામો સમગ્ર ગુજરાતમાં પ્રકાશિત થયા હતા. જેમાં મોડાસાની લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રથમ નંબરે આવી હતી. એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ., મોડાસાએ ૧૦૦ ટકા રીઝલ્ટ મેળવી પ્રશિક્ષણાર્થીઓએ એક સિદ્ધિનું સોપાન સર કર્યુ છે. જે ખૂબજ ગૌરવ લેવા જેવી બાબત છે.

પ્રથમ વર્ષમાં પ્રથમ આવનાર તાલીમાર્થી ખાંટ શિતલ વી. એ ૮૩.૧૩ ટકા મેળવ્યા છે જ્યારે બીજા વર્ષમાં પ્રથમ આવનાર તાલીમાર્થી દેસાઈ રીશા એસ. ૮૨.૮૩ ટકા મેળવી સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી કોલેજને ગૌરવ અપાવ્યુ છે.

કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આપવા બદલ તથા જિલ્લામાં સૌથી અગ્રેસર રહેવા બદલ પાસ થનાર તમામ તાલીમાર્થીઓને કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકર, મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી અને પ્રભારી મંત્રી સુભાષભાઈ શાહ તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ માટેની શુભેચ્છાઓ આપી તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## મેઘરજ નજીક શંકાસ્પદ ગેરકાયદેસર હેરાફેરી કરતુ ડીઝલ ભરેલું ટેન્કર ઝડપાયું

મેઘરજ, તા. ૨૪ અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ડીઝલની હેરાફેરીની આશંકા હેઠળ મેઘરજના રેલ્લાવાડા પાસે સ્થાનિકોએ ઝડપી ડિઝલ ભરેલ ટેન્કર ડીઝલ ઝડપી પાડ્યું હતું. હાલના પ્રવર્તમાન ભાવ કરતા નીચા ભાવનું ડીઝલ વેચાણના બિલ આધારે ઝડપી પાડ્યું હતું. નંબર પ્લેટ વગરના ટેન્કરમાં છેલ્લા ૬ મહિનાથી ડીઝલની હેરાફેરી કરાતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. એકપોઝિવ લાયસન્સ વગર બહારના વિસ્તારોમાંથી કંપની સીલ વગર કરાતી હતી. હેરાફેરી સ્થાનિકોએ ટેન્કર ઝડપી પાડી એલસીબી પોલીસને સોંપી અરવલ્લી જિલ્લા એલસીબીએ પંચનામું કરી તપાસ હાથ ધરી હતી. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર સ્થાનિકોએ ઝડપેલ શંકાસ્પદ ડીઝલ ભરેલ ટેન્કરથી રાજ્યવ્યાપી ગેરકાયદેસર ડીઝલ હેરાફેરીનું ષડયંત્ર બહાર આવવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

